# સે. ૧૧માં અંતરિયાળ રસ્તો સ્ટ્રીટલાઈટો વિહોણો

## વાહનચાલકો અને રાહદારીઓ માટે આ અંધારપટે ભયનો માહોલ ઉભો કર્યો છે : આ રસ્તાએ ચોરી અને લૂંટની ઘટના બની ચૂકી છે

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં સેક્ટર-૧૧ના મેદાન પાસેના આંતરિક રસ્તામાં સ્ટ્રીટલાઈટનો અભાવ હોવાના કારણે સાંજ પડતાની સાથે અધારપટ છવાઈ જાય છે. જેથી અહીંયાથી પસાર થતા વાહનો અને રાહદારીઓ માટે કેટલાક અંતર સુધી ભયનો અનુભવ સતાવી રહ્યો છે.

સે. ૧૧થી પથિકાશ્રમ તરફ જતો આંતરિક રસ્તો જ્યાં ઝાડી-ઝાંખરા વધારે છે અને રસ્તો સુમસાન જોવા મળતો હોય છે. અહીંયા સ્ટ્રીટલાઈટના અભાવના કારણે અંધારપટમાંથી નીકળવુ લોકો માટે મુશ્કેલ બની રહ્યુ છે. આ વિસ્તારમાં ચોરી-ચકારી કરતા ઈસમો દ્વારા એક દંપતીને લૂંટવામાં આવ્યા હતા. અંધકારનો ફાયદો ઉઠાવી લૂંટ કરતા ઈસમોના બનાવો વધી રહ્યા છે. લોકો સાંજ પડતા અહીંયાથી પસાર થવામાં ડરનો અનુભવ કરી રહ્યા છે.

ગાંધીનગરને સ્માર્ટસીટી તરીકે ઓળખવામાં આવે છે ત્યારે આ સ્માર્ટસીટીમાં સ્ટ્રીટલાઈટો માટે લોકોને વલખા મારવા પડી રહ્યા છે. જ્યા સ્ટ્રીટલાઈટો છે તેવા વિસ્તારોમાં પણ બત્તી ગુલનો અનુભવ અવારનવાર થઈ રહ્યો છે. વારંવાર સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં જોવા મળી રહી છે.



ચોમાસાના દિવસોમાં અંધારપટમાંથી પસાર થવામાં લોકોને ભારે હાલાકી પડી શકે છે. સે. ૧૧માં ઝાડી ઝાંખરાઓમાં નીલગાયો પણ ફરતી જોવા મળે છે. જે અચાનક વાહનોની સામેથી પસાર થતી જોવા મળી જાય છે. આ નીલગાયોના કારણે દિવસે અકસ્માતો સર્જાતા હોય છે તો આ અંધકારમાં તેમને કોણ રોકી શકે ?

આ અંતરિયાળ રસ્તામાં અજવાસ ફેલાય તે માટે સ્ટ્રીટલાઈટના થાંભલા નાંખવામાં આવે તેવી જનતા માંગણી કરી રહી છે. શહેરમાં ત્રણ-ત્રણ એજન્સીઓ દ્વારા સ્ટ્રીટલાઈટની જાળવણી અને નીભાવણીની કામગીરી કરવામાં આવી રહી છે પરંતુ હજીય તેમાં ઘણી ત્રુટીઓ રહી જતા પરેશાનીઓનો અંત આવ્યો નથી. ગાંધીનગર શહેરની સ્ટ્રીટલાઈટો ટોરેન્ટ પાવર તેમજ યુજીવીસીએલના હસ્તક ચાલે છે. ગાંધીનગર શહેરની હદ વધ્યા પછી યુજીવીસીએલની સેવાઓ મહદ અંશે વધુ કથળી છે. અહીંયા જે રીતે વિકાસ હાથ ધરાયો છે તે આધારે વીજળીની માંગમાં વધારો થયો છે. ટોરેન્ટ પાવરને પણ ટ્રીપીંગ થવાની અને મીટરો બળી જવાની ઘટનાઓ વધી છે. જો કે ટોરેન્ટ પાવરમાં પણ વીજ માંગમાં વધારો થયો છે અને નવા વીજ કનેક્શનો માટે રાહ જોવાની પરિસ્થિતિ થઈ છે.

# સાઈ કેમ્પસમાં વિશ્વ હેન્ડબોલ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં રમ્ય ગમત ક્ષેત્રે ખેલાડીઓને તાલીમ આપીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનું નામ ઝળકાવે તે માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા કાર્યરત છે. સાંઈ સંકુલમાં ગત તા. ૨૩મી જૂનના રોજ વિશ્વ હેન્ડબોલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સાઈ કેમ્પસના પુરુષ અને મહિલા તાલીમાર્થી ખેલાડીઓએ ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સાઈ વેસ્ટર્ન સેન્ટરના પ્રાદેશિક નિયામક મણિકાંત શર્મા સહિત અતિથિ વિશેષ પદે ઓંકાર કાવરે અને વિનય કે. એસ.એ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# સરકારી વિજ્ઞાન કોલેજના પાંચ વિદ્યાર્થીઓનો યુનિવર્સિટી કક્ષાએ ટોપ ૫૦માં સમાવેશ

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં જ ગુજરાત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના B.Sc. ના છેલ્લા વર્ષના સેમેસ્ટર ૬ ની પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવ્યા. જેમાં સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર ૧૫, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્કૃષ્ટ પરિણામ મેળવવાનો સીલસીલો જાળવી રાખ્યો છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા સેમેસ્ટરના પરિણામોની સાથે યુનિવર્સિટી કક્ષાએ એક્ષટર્નલ પરીક્ષામાં સર્વોત્તમ પરિણામ મેળવતા ટોપ ૫૦વિદ્યાર્થીઓની યાદી પણ જાહેર કરવામાં આવતી હોય છે. પ્રત્યેક વર્ષની જેમ આ વર્ષે પણ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના પાંચ વિદ્યાર્થીઓએ B.Sc. સેમેસ્ટર ૬માં યુનિવર્સિટી કક્ષાએ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરીને યુનિવર્સિટી કક્ષાએ ટોપ ૫૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કરીને સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. ભૌતિકશાસ્ત્ર વિષયની વિદ્યાર્થીની મકવાણા દેવજ્ઞા કિરીટકુમારે સેમેસ્ટર ૬ માં ૪૮૭ ગુણ મેળવીને ૮૬.૯૬ % સાથે ઉત્કૃષ્ટ પરિણામ લાવીને યુનિવર્સિટી કક્ષાએ ૧૭મો રેંક પ્રાપ્ત કરેલ છે. વનસ્પતિશાસ્ત્ર વિષયના ત્રણ વિદ્યાર્થીઓ ચૌહાણ નિરાલી જગતસિંહ, પડસુમ્બિયા કિંજલ હેમંતભાઈ અને મોરડિયા યશ અખિલભાઈ એ અનુક્રમે ૪૮૭ ગુણ, ૪૭૬ ગુણ અને ૪૭૪ ગુણ મેળવીની અનુક્રમે ૮૬.૯૬ %, ૮૫ % અને ૮૪.૬૪ % સાથે યુનિવર્સિટી કક્ષાએ અનુક્રમે ૧૭મો રેક, ૨૨મો રેક અને ૨૪મો રેક પ્રાપ્ત કરેલ છે. જ્યારે ગણિતશાસ્ત્ર વિષયની વિદ્યાર્થીની પટેલ શ્રીનિધિ દિપનભાઈએ ૪૭૧ ગુણ મેળવીને ૮૪.૧૧ % સાથે યુનિવર્સિટી કક્ષાએ ૨૬મો રેક પ્રાપ્ત કરેલ છે. આમ, આ પાંચેય વિદ્યાર્થીઓ એ સમગ્ર યુનિવર્સિટી કક્ષાએ ઉત્કૃષ્ટ પરિણામ મેળવીને સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.



યુનિવર્સિટી રેન્ક 26 — પટેલ શ્રીનિધિ દિપનભાઇ — સેમેસ્ટર 6 માં મેળવેલ ગુણ 471 / 560 (84.11 %)
યુનિવર્સિટી રેન્ક 17 — મકવાણા દેવજ્ઞા કિરીટકુમાર — સેમેસ્ટર 6 માં મેળવેલ ગુણ 487 / 560 (86.96 %)
યુનિવર્સિટી રેન્ક 22 — પડસુમ્બિયા કિંજલ હેમંતભાઇ — સેમેસ્ટર 6 માં મેળવેલ ગુણ 476 / 560 (85 %)
યુનિવર્સિટી રેન્ક 24 — મોરડિયા યશ અખિલભાઇ — સેમેસ્ટર 6 માં મેળવેલ ગુણ 474 / 560 (84.64 %)

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એપ્રિલ ૨૦૨૩માં લેવાયેલ B.Sc. સેમેસ્ટર ૬ ની પરીક્ષામાં સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનું ૮૯.૯૭ % પરિણામ આવ્યું છે. કોલેજના સેમેસ્ટર ૬ ના તમામ વિષયના મળીને ૧૨.૦૯ % વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ક્લાસ વિથ ડિસ્ટિંક્શન (I-Distinction) માર્ક્સ મેળવ્યા છે, જ્યારે ૨૮.૦૨ % વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ક્લાસ માર્ક્સ મેળવ્યા છે. આમ, કુલ ૪૦.૧૧ % વિદ્યાર્થીઓ ડિસ્ટિંક્શન અને ફર્સ્ટ ક્લાસ માર્ક્સ સાથે ઉત્તિર્ણ થઈને સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

સરકારી વિજ્ઞાન કોલેજ-ગાંધીનગરના શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ ના T.રૂ. B.Sc.ના ૩૩૯ વિદ્યાર્થીઓમાંથી ૧૯૫ વિદ્યાર્થીઓએ ત્રીજા વર્ષના સેમેસ્ટર ૫ અને સેમેસ્ટર ૬ એમ બંનેમા મળીને કુલ ૧૬૦૦ માર્ક્સમાંથી ૯૬૦ કરતાં વધુ માર્ક્સ મેળવીને એટલે કે ૫૭.૫ % વિદ્યાર્થીઓએ ૬૦ % કરતાં વધારે માર્ક્સ મેળવીને કોલેજને ગૌરવાન્વિત કરેલ છે. સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના આચાર્ય ડૉ. એમ.જી ભટ્ટ દ્વારા ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરનાર કોલેજના તમામ વિદ્યાર્થીઓને તેમના વાલીઓને તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપનાર વિભાગીય અધ્યક્ષ અને પ્રત્યેક અધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતાં.

# બીએસએફ ખાતે "આઝાદીના અમૃત મહોત્સવ" અંતર્ગત ફૂટબોલ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક લેકાવાડા ખાતે સ્થિત સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર યુનિટ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે બીએસએફ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે તા.૨૩ જૂન ૨૦૨૩ના રોજ મૈત્રીપૂર્ણ ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મ્જીહ્લ ગુજરાત ફ્રન્ટિયરની એક ટીમ સાથે ગાંધીનગરની અન્ય ત્રણ સ્થાનિક ટીમ જેમાં ચાંદખેડા ફૂટબોલ ક્લબ, ચિલોડા ફૂટબોલ ક્લબ અને કિંગ સ્ટાર ફૂટબોલ ક્લબનો સમાવેશ થાય છે જેમણે ભાગ લીધો હતો. આ સ્પર્ધાની ફાઇનલ મેચ સાંજે બીએસએફ ગુજરાત અને ચાંદખેડા ફૂટબોલ ક્લબ વચ્ચે રમાઈ હતી,

જેમાં બીએસએફ ગુજરાતનો વિજય થયો હતો.

ગાંધીનગર બીએસએફ કેમ્પસના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજિત સ્પર્ધના ભવ્ય અને પ્રભાવશાળી સમાપન સમારોહમાં બીએસએફના ગુજરાત ફ્રન્ટીયરના ઈન્સ્પેક્ટર જનરલ રવિ ગાંધીએ વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય રેંક અને ફાઈલ કર્મચારીઓની હાજરીમાં વિજેતાઓને મેડલ અને ટ્રોફી અર્પણ કર્યા હતા. આ પ્રસંગે તેમણે કાર્યક્રમને સંબોધતા બીએસએફ અને સ્થાનિક નાગરિકોમાં રમતગમત અને ફિટનેસ સંસ્કૃતિના વિકાસ પ્રત્યે બીએસએફની અતૂટ પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. ઈન્સ્પેક્ટર જનરલ બીએસએફએ તમામ વિજેતાઓ અને સહભાગીઓને તેમના ઉત્સાહ અને ખેલદિલીના પ્રદર્શન માટે અભિનંદન આપ્યા હતા અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમને શુભેચ્છા પાઠવી હતી.

# પશુપાલકોને ભાવ વધારો આપવા મધુર ડેરીના ૩ ડિરેક્ટરોની માંગ

## ચેરમેન હાલ જવાબદારીમાં ના હોવાથી મેનેજીંગ ડિરેક્ટર સમક્ષ આ બાબતે લેખિત રજુઆત કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની મધુર ડેરી સાથે સંકળાયેલા જિલ્લાના પશુપાલકોને દૂધના ભાવમાં યોગ્ય વધારો કરી આપવા કેટલાંક ડિરેક્ટરો દ્વારા માંગ કરવામાં આવી છે. તાજેતરમાં જિલ્લાના પશુપાલકોએ મધુર ડેરીના મેનેજીંગ ડિરેક્ટર સમક્ષ આ બાબતે લેખિત રજુઆત કરવામાં આવી છે જેમાં રજૂઆત કરવામાં આવી છે કે હાલ ડેરીના ચેરમેન વહીવટી રીતે જવાબદારીમાં નથી તેથી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંજૂરી લઈને ભાવ વધારો કરી આપવા ત્રણ ડિરેક્ટરોએ માંગ કરી છે.

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ - મધુર ડેરીના મેનેજીંગ ડિરેક્ટર સમક્ષ જે ત્રણ ડિરેક્ટરોએ માંગ કરી છે તેમાં જશુજી પરમાર, હંસાબેન પટેલ અને મધુબેન પટેલનો સમાવેશ થાય છે.

આ ત્રણ ડિરેક્ટરોએ કરેલી લેખિત રજુઆતમાં તેમણે જણાવ્યું છે કે "હાલના સમયમાં મોંઘવારીમાં ડગલેને પગલે વધારો થઈ રહ્યો છે. પશુપાલકો, પશુપાલનનો ખરી મહેનત કરીને વ્યવસાય કરે છે, અને ડેરીમાં દુધ ભરાવે છે જેથી તેમને પોષણક્ષમ ભાવ મળવો જરૂરી છે.

તાજેતરમાં અન્ય ડેરીઓ દ્વારા ભાવવધારો આપવામાં આવ્યો છે. આપણી ડેરીમાં વહીવટી રીતે હાલ ચેરમેન જવાબદારીમાં નથી પરંતુ તેના કારણે પશુપાલકોને નુક્શાન થાય તેવુ ના કરી શકાય. બોર્ડના સભ્યો/ડીરેક્ટર્સની મંજુરી લઈ તાત્કાલિક ધોરણે ભાવ વધારો જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવે તેવી અમારી માંગણી અને રજુઆત છે.

આ પત્રની સાથે અમો સહી કરનાર ડીરેક્ટરો ભાવ વધારાનો નિર્ણય કરવા માટે મંજુરી આપીએ છીએ."

# IIT ગાંધીનગર ખાતે વર્ચ્યુઅલ JEE ઓપન હાઉસ યોજાયું

ગાંધીનગર, તા ૨૪

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IITGN) દ્વારા શાખા તા. ૨૧મી જૂને પસંદગીથી લઈને શાખા પરિવર્તનની નીતિઓ અને કેમ્પસ જીવનથી લઈને કારકિર્દીની ઉન્નતિની તકો સુધીની બાબતે આયોજિત વર્ચ્યુઅલ JEE ઓપન હાઉસે IIT ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓના વાલીઓ વિદ્યાર્થીઓ સાથે વિવિધ ઈન્ટરેક્ટિવ સત્રો દરમિયાન માર્ગદર્શન મેળવ્યું હતું. સંસ્થાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી બે નવા અભ્યાસક્રમો, એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માં મ્ૈષ્ઠર અને મિકેનિકલ એન્જિનિયરિંગમાં મ્ૈષ્ઠર-MTech ડ્યુઅલ ડિગ્રીની પણ જાહેરાત કરી છે, જેમાં IITGN ખાતે અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સમાં લગભગ ૮૦ નવી બેઠકો ઉમેરવામાં આવી છે. વિવિધ વિદ્યાશાખાના ફેકલ્ટી સભ્યોએ પણ સહભાગીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને તેમના સંબંધિત વિદ્યાશાખાઓમાં થઈ રહેલા સંશોધન, ઉદ્યોગ સહયોગ અને નવીનતાની ટૂંકી ઝાંખી આપી હતી. IITGNના કેટલાક વર્તમાન વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ IIT ઉમેદવારોને કેમ્પસ લાઈફ અને IITGN ખાતે તેઓ જે વિકાસની તકો મેળવી શકે તેનો પ્રથમ હાથનો વિચાર પૂરો પાડ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.અક્ષા વટવાણીએ કર્યું હતું.



તેમના પ્રશ્નો અને શંકાઓને સંસ્થાના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી સીધા જ દૂર કરવા સૌથી વધુ પસંદગીના પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી. આ કાર્યક્રમને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો અને સમગ્ર દેશમાંથી મોટી સંખ્યામાં સહભાગીઓએ સત્રોમાં હાજરી આપી હતી.JEE ઓપન હાઉસમાં ઉમેદવારોની જિજ્ઞાસા અને શંકાઓને દૂર કરવા માર્ગદર્શન મેળવવાં સાથે JEE એડવાન્સ્ડ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાએ IITGNના ફેકલ્ટી, વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ

# સરકારી વિજ્ઞાન કોલેજની ત્રણ વિદ્યાર્થીનીઓનો B.Sc. સેમ ૪ માં યુનિવર્સિટી કક્ષાએ ટોપ ૫૦ માં સમાવેશ



બારૈયા આયુષી જગદીશકુમાર — યુનિવર્સિટી રેન્ક 27 — સેમેસ્ટર 4 માં મેળવેલ ગુણ 396 / 490 (80.81%)
ઝાલા શ્રદ્ધાબેન બાબુભાઇ — યુનિવર્સિટી રેન્ક 24 — સેમેસ્ટર 4 માં મેળવેલ ગુણ 399 / 490 (81.42 %)
બારડ રીનાબેન સુરેશભાઇ — યુનિવર્સિટી રેન્ક 24 — સેમેસ્ટર 4 માં મેળવેલ ગુણ 398 / 490 (81.22%)

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં જ ગુજરાત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ ના ᠎મ.જીષ્ઠ. ના બીજા વર્ષના સેમેસ્ટર ૪ ની પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવ્યા. જેમાં સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરની વનસ્પતિશાસ્ત્ર –પ્રાણીશાસ્ત્રની વિષયની ત્રણ વિદ્યાર્થીનીઓએ મ.જીષ્ઠ. સેમેસ્ટર ૪માં યુનિવર્સિટી કક્ષાએ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરીને યુનિવર્સિટી કક્ષાએ ટોપ ૫૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કરીને સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. જેમાં ઝાલા શ્રદ્ધાબેન બાબુભાઈ, બારડ રીનાબેન સુરેશભાઈ અને બારૈયા આયુષી જગદીશકુમાર એ ગુજરાત યુનિવર્સિટીની એક્ષટર્નલ પરીક્ષામાં ૪૯૦ માંથી અનુક્રમે ૩૯૯ ગુણ, ૩૯૮ ગુણ અને ૩૯૬ ગુણ મેળવીની અનુક્રમે ૮૧.૪૨ %, ૮૧.૨૨ % અને ૮૦.૮૧ % સાથે યુનિવર્સિટી કક્ષાએ અનુક્રમે ૨૪મો રેક, ૨૫મો રેક અને ૨૭મો રેક પ્રાપ્ત કર્યા છે. સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના આચાર્ય ડૉ. એમ.જી ભટ્ટ દ્વારા ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરનાર કોલેજના વિદ્યાર્થીઓને તેમજ અધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતાં.

# ઉચ્ચ ધ્યેય પ્રાપ્ત કરવા શિક્ષણ જરૂરી છે : ડૉ. એન.પી. પટેલ

## હારિજના જૂનામાંકા રામમઢીમાં તેજસ્વી છાત્રોનો સન્માન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૨૪

હારિજ તાલુકાના જુનામાંકા ગામે અનંત હર્ષ ભગવાનદાસ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા રામમઢી ખાતે તાલુકાના તમામ પ્રાથમિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એકથી ત્રણ નંબરે આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન અને ઈનામ વિતરણ કાર્યક્રમ ગોદડીયા પરિવારના ઉદ્યોગપતિ ડો. એન.પી. પટેલ વેસ્ટર્ન એગ્રી સિડ્સ. લી. ગાંધીનગર દ્વારા યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, તંદુરસ્ત સમાજ માટે પર્યાવરણનું જતન જરૂરીછે તે માટે ભાવી પેઢી એવા વિદ્યાર્થીઓ સમાજ કલ્યાણના શ્રેષ્ઠ કાર્યમાં સહભઆગી બને તે જરૂરી છે. ડૉ. એન. પી.પટેલે જણાવ્યું કે દરેક વિદ્યાર્થીએ ઉચ્ચ ધ્યેય પ્રાપ્ત કરવા શિક્ષણ જરૂરી છે કે જેથી પ્રગતિના શિખરો સર કરી શકીએ.કાર્યક્રમમાં ચાણસ્માના ધારાસભ્ય દિનેશભાઈ ઠાકોર, રાજ્ય શિક્ષણ બોર્ડના સભ્ય મુકેશભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના ડૉ. મધુબેન દેસાઈ વગેરે મહાનુભાવોએ શિક્ષણલક્ષી ઉદબોધન આપ્યા હતા. પ.પૂ. પ્રાગદાસ બાપા ગોદડીયા પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કડીથી ભાભર જતી એસ.ટી. વાયા હારિજથી જુનામાંકા નાળા થરાથી ભાભર જાય છે. જે બસમાં વિદ્યાર્થીઓની અવરજવરમાં સાથ સહકાર દાખવતા ડ્રાઈવર સુમંતભાઈ સાધુનું સ્ટાફ પરિવાર દ્વારા સ્વાગત કર્યું હતું. શાળા પરીવાર વતી ડૉ. એન. પી. પટેલનું સન્માન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન સાહિત્યકાર અશોક ત્રિવેદી પાટણે કર્યું હતું.